ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



# પાટનગરના પગથારેથી

- મનોજ મ.શુક્લ

## ભારતની બાળકો માટેની પ્રથમ અને એકમાત્ર બેન્ક ઇડરમાં છે.

કોંગ્રેસે ભા.જ.પ.પાસેથી એ શીખવાનું છે કે પોતાના પક્ષના સાથીઓને ઉજળા કેમ કરી બતાવાય. આ વાત એટલા માટે યાદ આવી કે કૃષિ મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ તાજેતરમાં રાજ્યસભામાં



એક વિધેયક પર બોલતા ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરા અને તેમના ગાઢ સાથીદાર અશ્વિન એન.પટેલ દ્વારા ૨૦૦૯મા ઈડરમાં સ્થાપવામાં આવેલી ધી બાળ-ગોપાળ બચત અને ધિરાણ સહકારી મંડળી લિ.ની ખૂબ પ્રશંસા કરી હતી. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે પણ આ સંસ્થાની પ્રશંસા કરેલી. દેશની(અને કદાચ વિશ્વની પણ) આ એકમાત્ર બાળ બેન્કમાં ૧૭૦૦૦ બાળકોએ રૂ.૧૭ કરોડની બચત કરી છે. પધ્ધતિ એવી રખાઈ છે કે બેન્ક તરફથી બાળકોને એક ગલ્લો આપવામાં આવે છે. પ્રત્યેક બાળકને શીખવવામાં આવે છે કે તમને વડીલો તરફથી વારતહેવારે જે રકમ મળે તે આ ગલ્લામાં મુકી દેવાની. બેન્કનો પ્રતિનિધિ દર માસની પહેલી તારીખે જે કંઈ નાનીમોટી રકમ જમા થઈ હોય તે જે તે બાળકના ઘરે જઈને બાળકના માતાપિતાની હાજરીમાં ગલ્લો ખોલીને લઈ જાય અને બેન્કમાં ખોલાયેલા બાળકના બચત ખાતામાં જમા કરાવી દે.પછી તો 'ટીપે ટીપે સરોવર' ભરાય એ ન્યાયે બાળકની બચત વધતી જાય. બાળક ૧૮ વર્ષનો થાય એટલે આપોઆપ બેક્નો સભાસદ મટી જાય.આ રીતે ૮ થી ૧૮ વર્ષની ઉંમર દરમિયાન બચતવીર બાળકના ખાતામાં ખાસ્સી એવી રકમ જમા થઈ જાય જે તેને ઉચ્ચ અભ્યાસ માટે મદદરૂપ થઈ પડે છે. રાજકારણીઓ રાજકારણ ઉપરાંત કેવું સરસ રચનાત્મક કામ કરી શકે તેનું આ એક સુંદર ઉદાહરણ છે. ગાંધીનગરમાં કોઈ સહકારી બેંક આને અનુસરશે?

## નિવૃત્ત સનદી અધિકારીઓ ગાંધીનગરથી અલિપ્ત કેમ રહેતા હશે?

ગાંધીનગરમાં અનેક નિવૃત્ત આઈ.એ.એસ.અધિકારીઓ વસે છે અને શાંતિથી તથા આનંદપૂર્વક નિવૃત્ત જીવન ગાળે છે.આ બધા સનદી અધિકારીઓને ગુજરાત સરકાર તરફથી પ્રતિકાત્મક મૂલ્યે કિંમતી જમીન આપવામાં આવી છે.જેની પર આલિશાન બંગલા બાંધીને આ બધા રહે છે.પરંતુ પાટનગરની કમનસીબી એ છે કે આ નિવૃત્ત અધિકારીઓ એકદંડિયા મહેલમાં રહેતા હોય તેવી રીતે ગાંધીનગરમાં રહે છે.આ પૈકીના કોઈ ગાંધીનગરની સામાજિક, શૈક્ષણિક સેવાકીય કે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સામેલ થતાં નથી.કે પાટનગરના વિકાસમાં કોઈ રસ લેતા.અરે, બીજું બધું તો ઠીક પણ નિવૃત્ત સનદી અધિકારીઓ જાહેરમાં દેખાવાનું પણ પસંદ નથી કરતા.વિજય રંચન, એસ. કે.નંદા,વી?.એસ.ગઢવી,પ્રવીણ ગઢવી, સુનીલકુમાર ઢોલી વગેરે જેવા થોડા અપવાદરૂપ અધિકારીઓ છે કે જેઓ શહેરની જાહેર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહે છે.પણ બાકીના અધિકારીઓએ જિંદગીના ૩-૪ દશકા ગુજરાત અને ગાંધીનગરમાં ગાળ્યા હોવા છતાં આ ધરતી પ્રત્યે કોઈ લગાવ ઊભો નથી થયો એ આ શહેર અને રાજ્યની કમનસીબી જ ગણવી રહીને?

## સ્વાયત્ત સંસ્થાનાં સર્વોચ્ચ વડાની દાદાગીરી!

ગુજરાત રાજ્યની ગ્રાન્ટ પર સંપૂર્ણ આધારિત હોય તેવી ગાંધીનગર સ્થિત એક સ્વાયત્ત સંસ્થામાં ઉચ્ચ કક્ષાનાં પદ માટે મૌખિક ઈન્ટરવ્યુ ગોઠવવામાં આવ્યા હતા. આ સંદર્ભે જરાય સાચું



માનવાનું મન ન થાય એવા સમાચાર એવા વહેતા થયા છે કે સદરહુ ઈન્ટરવ્યુ આપવા માટે લાયક ઠરનાર એક હોનહાર ઉમેદવારને એ સ્વાયત્ત સંસ્થાના સર્વોચ્ચ પદાધિકારી એ રૂબરૂ બોલાવીને અત્યંત પ્રેમથી મૌખિક કસોટીમાં ગેરહાજર રહેવા સમજાવ્યો હતો અને ભવિષ્યમાં બીજા મોટા પદ પર ગોઠવી દેવાનો સધિયારો(ઉર્ફે લાલચ)પણ આપ્યો હતો.એ પછી શું થયું એ ખબર નથી.ચિંતા એ કરવા ની થાય કે સર્વોચ્ચ પદ બેસાડવામાં આવેલ મહાનુભાવના વ્યક્તિગત રસ કે ગમા-અણગમા તીવ્ર બને તો શું પરિણામ આવે તેની સાક્ષી આ કિસ્સો પુરે છે.

## નવી ઉર્જા પોલીસી અને મમતા વર્માની જવાબદારી.

ગુજરાત સરકાર દ્વારા વાઈબ્રન્ટ સમિટ આગામી જાન્યુઆરી-૨૦૨૪માં યોજવામાં આવનાર છે.આ સંદર્ભે ગુજરાત રાજ્યના ઉર્જા વિભાગના અગ્ર સચિવ અને ૧૯૯૬ની બેચના સનદી અધિકારી મમતા વર્માની જવાબદારીઓ વધી ગઈ છે.હાલ તો



ગુજરાત રાજ્ય વીજળી ક્ષેત્રે સરપ્લસ રાજ્ય છે એવા સંજોગોમાં નવા આવતા ઉધોગો માટે વધારાની વીજળીનું વ્યવસ્થાપન કરવું એ એક પડકાર બની રહેશે. હાલ રાજ્ય સરકાર પોતાની નવી ઉર્જા પોલીસીનો ડ્રાફ્ટ તૈયાર કરી ચુકી છે.તે સંજોગોમા નવી ઉર્જા પોલીસીનો અમલ કરાવવાની જવાબદારી ઉર્જા વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર જયપ્રકાશ શિવહરે અને ઉર્જા વિભાગના અગ્ર સચિવ મમતા વર્માના શિર પર રહેશે.ઉત્તર પ્રદેશના લખનૌના વતની મમતા વર્મા કામઢા અને સિનિયર સનદી અધિકારી છે એટલે સૂચિત પડકારને પહોંચી વળશે એવું મનાય છે.

## આરતી કંવર પાસે બે ચાર્જ હોવાનાં કારણે દોડાદોડ વધી ગઇ છે.

ગત જુન-૨૩ માસમાં દિલ્હી ખાતેના ગુજરાતના રેસીડેન્સીયલ કમિશનરપદ પરથી બદલી થઈને ગુજરાતમા આવી નાણાં વિભાગના સચિવ (આર્થિક બાબતો)બનેલા ૨૦૦૧ની બેચના સનદી અધિકારી આરતી કંવર પોતાના સચિવના હોદ્દા ઉપરાંત દિલ્હીના નિવાસી આયુક્તનો હોદ્દો પણ વધારાનાં ચાર્જ તરીકે



સંભાળી રહ્યા છે. તેનું કારણ એ છે કે દિલ્હી ખાતે સતત પ્રોટોકોલની કામગીરી રહેતી હોવાથી ત્યાંની નિમણૂંક માટે કોઈ યોગ્ય અધિકારી સરકાર શોધી રહી છે.જેના કારણે આરતી કંવર પાસે બે ચાર્જ રહ્યા છે.બીજી બાજુ સ્થિતિ એવી છે કે ગુજરાત સરકારે આરતી કંવરને જી -૨૦ની વધારાની કામગીરી પણ સોંપી છે.આ સંજોગોમાં આરતી કંવર સોમવારે,મંગળવારે અને બુધવારે ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે.જ્યારે ગુરુવાર, શુક્રવાર અને શનિવારે દિલ્હી ખાતે ફરજ બજાવવા જાય છે.આ બે જગ્યાએ કામ કરવાના પરિણામે આરતી કંવરની હાલત કફોડી થઈ ગઈ છે.સચિવાલયમાં થતી ચર્ચાઓ જો સાચી માનીએ તો એવું કહેવાય છે કે હિમાચલ પ્રદેશના આરતી કંવર પણ દિલ્હીની આ આવ-જાથી કંટાળી ગયા છે અને મુખ્યમંત્રીને દિલ્હીની જવાબદારીમાંથી મુક્ત કરવા વિનંતી પણ કરી છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની વિઝનરી લિડરશીપમાં દેશમાં રેલ સેવાઓ પર્યટન અને તીર્થસ્થાનને જોડવાનું મહત્ત્વપૂર્ણ માધ્યમ બની છે : મુખ્યમંત્રી

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા અસારવા રેલ્વે સ્ટેશન પર ઉપસ્થિતિ રહી સહભાગી બન્યા



ગાંધીનગર, તા.૬

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ૫૦૮ રેલ્વે સ્ટેશનોના પુનઃનિર્માણ કાર્યનો શુભારંભ અમૃત ભારત સ્ટેશન યોજના અન્વયે નવી દિલ્હી થી વિડિયો કોન્ફરન્સ દ્વારા કરાવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના અસારવા રેલ્વે સ્ટેશનથી આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં રેલ્વે સેવાઓ દેશની સંસ્કૃતિ, પર્યટન અને તીર્થસ્થાનને જોડવાનું મહત્ત્વપૂર્ણ યાતાયાત માધ્યમ બની છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અમૃત ભારત સ્ટેશન યોજના અન્વયે દેશના ૫૦૮ રેલ્વે સ્ટેશનોનો રૂ. ૨૪ હજાર કરોડના ખર્ચે પુનઃનિર્માણનો પ્રારંભ થયો છે, જેમાં ગુજરાતનાં ૨૧ રેલ્વે સ્ટેશનોનું પણ રૂ.૮૪૫ કરોડના ખર્ચે પુનઃનિર્માણ થવાનું છે.

મુખ્યમંત્રીશ્રીએ આ તકે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના ૯ વર્ષના સુશાસનમાં દેશની માળખાકીય સુવિધાઓમાં ખાસ કરીને રેલ્વે, રોડ, હવાઈ સેવાઓના વિસ્તરણ અને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ મળતી થઈ છે.

ગુજરાતમાં રેલવે સેવાઓના વિસ્તરણ તથા અન્ય માળખાકીય સુવિધાઓ માટે રૂ. ૩૦,૮૦૦ કરોડનાં કામો ચાલી રહ્યા છે અને ૨૦૨૩-૨૪ ના બજેટમાં વિક્રમ જનક રૂ. ૮૩૩૨ કરોડ આવા કામો માટે કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવ્યાં છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# પ્રદીપસિંહ વાઘેલા ભાજપ માટે સન્માનનીય કાર્યકર છે

**સમયસર**

વ્યક્તિગત તેમજ કૌટુંબિક કારણોસર ભાજપાના મહામંત્રી પદેથી રાજીનામુ આપનાર પ્રદીપસિંહ વાઘેલા અંગે 'મોઢા એટલી વાતો' સોશ્યલ મિડીયામાં વહેતી થઈ રહી હતી. એવું પણ કહેવાઈ રહ્યુ હતુ કે વાઘેલાને પક્ષની કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ કરવામાં નહી આવે તેમજ તેઓને કમલમમાં પ્રવેશવાની પણ મનાઈ



ફરમાવવામાં આવી છે. આવી અફવા વહેતી કરનાર સંપૂર્ણપણે નિરાશ થાય એવી ઘટના આજે બની છે. ભાજપા તરફથી સ્પષ્ટતા કરાઈ છે કે પ્રદીપસિંહ પક્ષના સન્માનિય કાર્યકર છે અને એ વાતના પુરાવારૂપે આજે ત્રિમંદિર ખાતે ચાર જિલ્લા પંચાયતના સભ્યો માટે યોજાયેલ એક અભ્યાસવર્ગમાં પ્રદીપસિંહ વાઘેલાને પક્ષ તરફથી આદરભેર હાજર રખાયા અને તેઓએ ભાજપના ઈતિહાસ અંગેની વાત કરીને ચૂંટાયેલા સભ્યોને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. આ ઘટના સૂચવે છે કે પ્રદીપસિંહની જે ડાઘરહીત કારકિર્દી છે તે હજુ પણ યથાવત છે. ગઈકાલે અહીં પ્રદીપસિંહ વાઘેલાના નિષ્ઠાભર્યા ભૂતકાળની વિગતો મુકવામાં આવી હતી. એ વિગતોને સાચી પાડે એવી આ ઘટના બની છે તેનો આનંદ છે. પ્રદીપસિંહ ભાજપના એક નિષ્ઠાવાન અને સમર્પિત સેવક છે. પ્રદીપસિંહ વાઘેલાની રાજકિય પડતીની રાહ જોનારાઓએ 'ઊંટનો લબડતો હોઠ પડવાની' આશા રાખીને તેના મોઢાં નીચે બેસી રહેતા શિયાળની વાર્તા યાદ રાખવા જેવી છે.

# આગામી દિવસોમાં શહેર જિલ્લામાં ડોહળા પાણીની સમસ્યા ઉદભવશે

### ઉપરવાસમાં વરસાદના લીધે કેનાલમાં નવું પાણી આવશે તો શહેર જિલ્લામાં પાણીની ફરીયાદો વધશે ક્લોરિનેશન ઉપરાંત ઉકાળીને પાણીનો ઉપયોગ કરવો અનિવાર્ય બનશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન ડહોલા પાણીની સમસ્યા ઉદભવતી હોય છે ગત વર્ષ દરમિયાન પણ આવી ફરીયાદો ઉઠવા પામી હતી જ્યારે ઉપરવાસ માં વરસાદના લીધે સરદાર સરોવરમાંથી પાણી છોડવામાં આવે તેવા સંજોગોમાં નર્મદા કેનાલમાં પાણી નું સ્તર વધે જેના લીધે જિલ્લાના ડોહલા પાણીની સમસ્યા ઊભી થાય તેવી પણ સંભાવના છે જેમાં સુજલામ સુફલામ યોજનાના વિસ્તારનો સમાવેશ થશે. આ માટે ફટકડીનો ઉપયોગ કરવા ઉપરાંત પીવાના પાણીને ઉકાળવા અને ક્લોરિનેશન ની પણ વિશેષ કાળજી રાખવી અનિવાર્ય બનશે

ચોમાસા દરમિયાન સુજલામ સુફલામ યોજનાના વિસ્તારમાં કેનાલમાં નવા પાણીની આવક થશે ગાંધીનગર જિલ્લામાં ડહો પાણીની સમસ્યા થવાની સંભાવના છે નર્મદા કેનાલના પાણીમાં ડહોળાશ સહિતની અશુદ્ધિઓને ધ્યાન માં રાખી આવા સંજોગોમાં પાણીજન્ય રોગો નિવારવા માટે પાણીમાં ફટકડી નાંખીને ઉકાળીને પીવું અનિવાર્ય છે જ્યારે વરસાદી દિવસોમાં પાણીના માટલામાં જરૂરી માત્રામાં ક્લોરીનની ટીકડી નાખીને જ ઉપયોગ કરવો જોઈએ. ગ્રામ પંચાયતોએ ગંદા પાણીનો નિકાલ કરવો અને સ્વચ્છતા રાખવા ઉપરાંત લિકેજિસ ને ડામવા પણ પગલાં લેવા અનિવાર્ય બનશે આ ઉપરાંત શાળાએ જતા વિદ્યાર્થીઓનું

● અનુસંધાન પાન-૭ પર

### બદલાતા આકાશી નઝારા વચ્ચે

# શહેરમાં મેઘરાજાનો મંદ મિજાજ, સિઝનનો ૨૧ ઈંચ વરસાદ

### શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના ઝરમરિયા ઝાપટા : વાતાાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધારે

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં વરસાદનો મિજાજ અનોખો જોવા મળી રહ્યો છે. શહેરમાં અત્યાર સુધી મેઘરાજાએ ઘણીવાર તોફાની અંદાજમાં ધડબડાટી બોલાવી છે. વરસાદી વાયરા અને આક્રમક ગાજવીજ સાથે વરસતા વરસાદના અંતે શહેરમાં સિઝનનો ૨૧ ઈંચ વરસાદ થઈ ગયો છે. જો કે વરસાદી મોસમ નિખર્યા બાદ પણ નગરજનો અસહ્ય બફારા સાથે ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધુ રહેતા શહેરીજનો આકરો ઉકળાટ અનુભવી રહ્યા છે. છેલ્લા ચારપાંચ દિવસથી આકાશી નઝારો નિખરે છે પરંતુ વરસાદ વાદળો માત્ર છાંટણા વરસાવતા વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વધુ છે. શહેરમાં છેલ્લા આજે ગરમીનો પારો પણ ૨ ડીગ્રી ઉંચકાયો હતો. ઝરમરિયા ઝપટા નાંખી જતા મેઘરાજા ધોધમાર વરસે તેવી આશ વચ્ચે નગરજનોની નજર નભ તરફ મંડરાઈ છે. ગાંધીનગર શહેરમાં ચોમાસાના પ્રારંભથી વરસાદનો મિજાજ અનોખો

● અનુસંધાન પાન-૭ પર




ગાંધીનગર મહાનગરપાલિકા તથા મારું ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ સાથે મૈત્રી ની થીમ પર "જલસા સ્ટ્રીટ" નું આયોજન સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે કરવામાં આવ્યું. જેમાં નગરજનો માટે ચોમાસાની મનમોહન ઋતુમાં જ્ઞાન સાથે ગમ્મતની પ્રવૃત્તિઓ, સ્વચ્છતા અંગે જાગૃતિ તેમજ 'મેરી મીટ્ટી મેરા દેશ' કેમ્પેઈનની થીમ આધારિત વિવિધ કાર્યક્રમ યોજાયા. આ અવસરે મેયર હિતેશભાઈ મકવાણા, સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ, કાઉન્સિલરો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરથી દ્વારકા રૂટમાં નવી બસ સેવા શરૂ કરાઈ

### ગાંધીનગરથી બોટાદ રૂટમાં પણ નવી બસ સેવા શરૂ

ગાંધીનગર તા ૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓ અને સલામતીના મામલે હજુ અભાવ વર્તાય છે. એકબાજુ ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના પણ અધ્ધરતાલ છે. ત્યારે બીજીતરફ મુસાફરોની સલામતી પણ જાણે રામભરોસે હોય તેવી સ્થિતિ છે. જયારે કોરોના કાળ બાદ સેકટરોમાં હજુ ઘણાં ઠેકાણે રૂટમાં દોડતી બસ સેવા સંદર્ભેસર્વેહાથ ધરીનેસ્થાનિકોને સેકટરોના સ્ટેન્ડ પરથી બસ સેવા મળી રહે તે માટે પણ અનેકવાર રજુઆત કરવામાં આવે છે. જયારે બહારગામના રૂટને અનુલક્ષીને પણ નવા રૂટ સંદર્ભે રજુઆત કરવામાં આવતી હોય છે જેને અનુલક્ષીને ડેપો કક્ષાએથી અગાઉ બોટાદ રૂટમાં બસ શરૂ કરવામાં આવી હતી જયારે છેલ્લા બે દિવસથી દ્વારકા જવા માટે પણ બસ સેવા શરૂ કરી દેવાતા ભાવિકોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓ અને સલામતીનો અભાવ વર્તાય છે. જયારે કોરોના કાળ બાદ વિખરાયેલા બસ સેવાના સંચાલન સંદર્ભે પણ અવારનવાર સ્થાનિકો દ્વારા પણ રજુઆત કરવામાં આવતી હોય છે. અગાઉ સેકટરોના રૂટમાં દોડતી બસ સેવાનો રૂટ ખોરવાઈ ગયો હોવાની ફરિયાદો વચ્ચે સવારે અને રાત્રિના સમયે કાલુપુર રૂટમાં પણ બસ શરૂ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

### કેન્દ્રીય ભાજપાની યોજના અને પ્રદેશ ભાજપાના માર્ગદર્શન અન્વયે ૫ અને ૬ ઓગષ્ટ દરમ્યાન અરવલ્લી, સાબરકાંઠા, અમદાવાદ અને ગાંધીનગર

# ચાર જિલ્લા પંચાયતના ચુંટાયેલા સદસ્યોનો પ્રશિક્ષણ વર્ગ ત્રીમંદિર અડાલજ ખાતે યોજાઈ ગયો



ગાંધીનગર જિલ્લા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા કેન્દ્રીય ભાજપાની યોજના અને પ્રદેશ ભાજપાના માર્ગદર્શન અન્વયે ૫ અને ૬ ઓગષ્ટ દરમ્યાન અરવલ્લી, સાબરકાંઠા, અમદાવાદ અને ગાંધીનગર ચાર જિલ્લા પંચાયતના ચુંટાયેલા સદસ્યોનો પ્રશિક્ષણ વર્ગ ત્રી મંદિર અડાલજ ખાતે યોજાઈ ગયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રશિક્ષણ વર્ગના પ્રથમ દિવસે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાષ્ટ્રીય સહ સંગઠક શ્રી વી. સતીષજી, ભાજપા પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી વી. રત્નાકરજી સહિતના અગ્રણીઓએ વિવિધ મુદ્દે માર્ગદર્શન આપ્યું હતું.

જ્યારે આ વર્ગના દ્વિતીય દિવસે પ્રદેશ પંચાયત સેલના પૂર્વ સંયોજકશ્રી ભરતભાઈ ગાજીપરા, પ્રદેશ સોશ્યલ મીડિયા કો -ઓર્ડીનેટર ડૉ. પંકજભાઈ શુક્લા, ભાજપા પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ, રાજ્યના મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને ભાજપા પ્રદેશના પૂર્વ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા સહિતના મહાનુભાવોએ અનુક્રમે પંચાયતી રાજ, સોશ્યલ મીડિયાનો પ્રભાવી ઉપયોગ, કેન્દ્રની મોદી સરકારની ગ્રામીણ, કૃષિ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ઉપલબ્ધિઓ, જનપ્રતિનિધિ નો વ્યવહાર, સંગઠન - સમન્વય - સંપર્ક, ભાજપા ઈતિહાસ, વિચારધારા અને પંચ નિષ્ઠાના વિષયો અન્વયે વિસ્તૃત છણાવટ કરી હતી.

આ બે દિવસીય પ્રશિક્ષણ વર્ગના આયોજનમાં પ્રદેશ વ્યવસ્થા ટીમના શ્રી દુષ્યંતભાઈ પંડ્યા, શ્રી રાજુભાઈ પટેલના માર્ગદર્શન અને ગાંધીનગર જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી અનિલભાઈ પટેલના નેતૃત્વમાં જિલ્લા ભાજપના હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

# શહેરના સેકટર-૬માં છેલ્લા બે સપ્તાહથી ગટરો ઉભરાવાની સમસ્યા

### સ્થાનિકો ત્રાહીમામ : સેકટરમાં પોસ્ટ કચેરી નજીક સ્થિત છ કક્ષાના આવાસોમાં ગટરનુ દુષિત પાણી ઉભરાતા ગંદકી : ગુંગળામણ અનુભવતા સ્થાનિકોમાં રોગચાળાનો ભય : ફરિયાદનુ ત્વરિત નિરાકરણ કરવા ઉગ્ર રજુઆત

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં હાલ સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે આ કાર્યયોજના પુર્ણ થતા હજુ સમય લાગશે જયારે હાલની સ્થિતિએ દાયકાઓ જુની લાઈન સમસ્યાઓનુ કારણ બની રહી છે. શહેરના સેકટરોમાં ગટરોના દુષિત પાણી ઉભરાતુ હોવાની ફરિયાદો અનેકવાર ઉઠે છે. સે- ૬ માં પણ પોસ્ટ કચેરી નજીક સ્થિત જ કક્ષાના બ્લોક નં - ૫૦ થી ૭૦ વચ્ચે છેલ્લા બે સપ્તાહથી ગટરના દુષિત પાણીનો ભરાવો થાય છે. વરસાદી મોસમમાં અસહ્ય ગંદકી અને દુર્ગંધયુકત માહોલમાં મુંઝારો અનુભવતા સ્થાનિકોએ આ મામલે તંત્ર સમક્ષ પણ રજુઆત કરી છે વરસાદી મોસમમાં વધતા મચ્છરોના ઉપદ્રવ વચ્ચે સ્થાનિકો પર રોગચાળાનો ખતરો મંડરાયો છે. સમસ્યાનુ ત્વરિત નિરાકરણ આવે તે માટે રજુઆત કરવામાં



આવી છે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાથી રહીશો ત્રસ્ત છે. એકબાજુ નવી ગટર લાઈન નાંખવાની કામગીરી પણ ચાલી રહી છે. સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં પાણી ગટરની નવી લાઈનો નાંખવામાં આવી રહી છે. જુના સેકટરોમાં નવી લાઈન નાંખવાની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. ત્યારે બીજીતરફ સેકટરોમાં દાયકાઓ જુવી પાણી ગટરની લાઈન છેલ્લા ઘણાં સમયથી એક સાંધે ત્યાં તેર તુટે જેવી સમસ્યાઓ ઉભી કરે છે. શહેરના સેકટરોમાં સ્થિત સોસાયટીઓમાં પણ ગટરના દુષિત પાણીના લીધે અસહ્ય દુર્ગંધયુકત માહોલમાં સ્થાનિકો ગુંગળામણ અનુભવતા હોવાની

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com